અપીલ અરજી નં.૩૪૮ તા.૭–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈ ની તા.૩–૧–૨૦૧૧ની અરજી થી સેન્ટ્રલઝોનમાં ચાલતા ચાંદી ગીલીટ તેમજ જરીગીલીટના બાંકડાની ટોટલ સંખ્યા કેટલી તેમાં કાયદેસર કેટલા છે અને ગેરકાયદેસર કેટલા છે સેન્ટ્રલઝોનના વડા (ચીફ ) હોવાથી તેના તમે અભિપ્રાય આપવા બાબતની માહિતી.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૭–૨–૧૧ ની **SMC/FAP/** નં.૩૪૮/૨૦૧૦–૧૧.

શ્રી હેમંત એન. દેસાઈ ની તા.૩–૧–૨૦૧૧ની અરજીથી સેન્ટ્રલઝોનમાં ચાલતા ચાંદી ગીલીટ તેમજ જરીગીલીટના બાંકડાની ટોટલ સંખ્યા કેટલી તેમાં કાયદેસર કેટલા છે અને ગેરકાયદેસર કેટલા છે સેન્ટ્રલઝોનના વડા (ચીફ ) હોવાથી તેના તમે અભિપ્રાય આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સીઝેડ/આ./ ૧૫૧૫ તા.૨૮–૧–૧૧ થી આપેલ માહિતી તદન ખોટી અને ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ /વિસંગતતા હોય તો તે પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા તથા વધુમાં આરોગ્ય ખાતા તરફથી અપાતા પરવાના સમયે એકમની કાયદેસરતા નકકી કરવાની કાયદાકીય જોગવાઈ છે કે કેમ? તે અંગે પણ પ્રકાશ પાડવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૨૯ તા.૨૨–૨–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા અગાઉના તેના પત્ર નં.સીઝેડ/આ./ ૯૨૪ તા.૨૮–૧–૧૧ થી આપને આપેલી માહિતીમાં મંજુર કરવામાં આવેલ જથ્થો તેવું સ્પષ્ટ જણાવેલ છે. તેમ છતાં અપીલ તબકકે આપે કરેલ દાવા અનુસાર જાહેર માહિતી અધિકારીએ ખોટી માહિતી આપેલ દાવા અંગે તેમની કક્ષાએ કોઈ આધાર પુરાવા હોય તો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૨૮–૨–૧૧નો પત્ર મળેલ છે.

અરજદારની તા.૩–૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળ માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૫૧૫ તા.૨૮–૧–૧૧ થી ઉપરોકત રેકર્ડની ચકાસણી કરતાં માંગ્યા મુજબની માહિતી સેન્ટ્રલઝોનના આરોગ્ય ખાતાના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું સમય મર્યાદામાં જણાવેલ છે જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૭–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં (૧) જાહેર માહિતી અધિકારીએ તદૃન ખોટી અને ગેરમાર્ગે દોરનાર માહિતી આપેલ છે (૨) ખોટી માહિતી અંગે જાહેર માહિતી અધિકાર ઉપર આઈપીસી–૧૬૬ તેમજ ૧૬૭ મુજબ ફોજદારી કાર્યવાહી કરવા બાબતની નોટીસ આપી તેની પાસેથી જ તેની સામે કામ ચલાવવાની લેખિત પરવાનગી આપનાર સક્ષમ સત્તાધીશનું નામ સરનામું અવશ્ય માંગવું તેથી ચમત્કારી પરિણામ મળી શકે તેમ હોય તેવું જણાવેલ છે. (૩) જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલી માહિતી આરોગ્ય ખાતાના રેકર્ડ ઉપર નથી તેવું જણાવે તે વાત તદૃન ખોટી છે વોર્ડ નં.૪ એ ના આરોગ્ય વિભાગ પાસે જરી ગીલીટના એકમો જિલ્લામાં ચાલે છે તેને સેલો, લેકર, સ્પીરીટ ના કેટલા લીટરના લાયસન્સ ફાળવેલ છે તેવું તે બાબતે તા.૮–૧–૦૮ થી જાણ કારી આપવામાં આવેલ છે તેમજ ગેરકાયદેસર જરી ગીલીટના જે એકમો ચાલે છે અને સેલો લેકર, સ્પીરીટના લાયસન્સ વગરની જાણકારી વોર્ડ નં.૪ ના આરોગ્ય વિભાગ તરફથી મળેલ છે જે રજૂ કરેલ છે. આરોગ્ય ખાતા પાસે રેકર્ડ નથી તે વાત કેવી રીતે બને મારી પાસે પુરાવા છે તે રજૂ કરું છું . (૪) સેન્ટ્રલઝોનના મહીધરપુરા નવાપુરા, ઈન્દરપુરા , વાડી ફળીયા, ગોપીપુરા, આમલીરાણ, સગરામપુરા, સલાબતપુરા, સૈયદપુરા જેવા વિસ્તારમાં તમામ જિલ્લામાં આવા જરી ગીલીટના એકમો ચાલે છે જેમાં સેલો, લેકર, સ્પીરીટ જેવા ખતરનાક કેમીકલનો પણ વપરાશ થાય છે જે ગુમાસ્તા કે આરોગ્યની નોંધણી વગર ચાલતાં ન હોય જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનની વોર્ડ ઓફિસ પાસેથી રેકર્ડ મંગાવે તો ખબર પડેને આમ માહિતી અધિકારીઓ ઓફિસમાં બેઠા બેઠા માહિતી આપેલ છે તે પણ ખોટી શા માટે? ખરેખર જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનની તમામ વોર્ડ ઓફિસોમાંથી જાણકારી માંગે તો મે જે માહિતી માંગેલ તે માહિતીનો સાચો જવાબ મળે તેમ છતાં મને માહિતી આપવામાં ન આવી. (૫) જાહેર માહિતી અધિકારી તરફથી ખોટી માહિતી આપવામાં આવેલ છે તેના કરતાં મારી માહિતી રવાના કરી દેવામાં આવે તો સાચી માહિતી મળે પરંતુ તે ન કરી ગેરમાર્ગે દોરવામાં આવેલ છે. (૬) માહિતી અધિકાર–૨૦૦૫ મુજબ કોઈ નાગરિક જે વિભાગ પાસે માહિતી માંગે એ માહિતી એ વિભાગને લગતી વળગતી ન હોય તો જે વિભાગને તે લાગે છે તે વિભાગને દિન–૫ માં રવાના કરવાની હોય તે પણ જાહેર માહિતી અધિકારી તરફથી કરવામાં ન આવ્યુ અને ખોટી માહિતી આપવામાં આવી. તેવી રજૂઆત અરજદારે અપીલમાં કરેલ છે. આમ અરજદારે કરેલી રજૂઆત અત્રેથી અરજદારને

તા.૮–૧–૦૮ ના રોજ આસી. કમિ. અને જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલઝોન ખાતેથી આપવામાં આવેલ છે. તે બાબતેની રજૂઆત કરેલ છે. અરજદારે અપીલ તબકકે રજૂ કરેલ તેની માહિતીની વિગત જોતાં તેમાં માલીકનું નામ, સરનામું તથા જથ્થાની માહિતી જેવી કે, સ્પીરીટ,સોલ્યુ, લેકર, સેલો વિગેરેની સમાવિષ્ટ થયેલ છે. તેવી જ રીતે જે કિસ્સામાં આવા જથ્થાની પરવાનગી આપેલ નથી તેની આઈટમ સાથેની વિગત રજૂ કરેલ છે. તેમાં કોઈ પણ જગ્યાએ બાકડાની સંખ્યા જણાતી નથી. અરજદારે કરેલ રજૂઆતમાં જે માહિતીની વાત કરેલ છે તે જથ્થા અંગેની માહિતી છે. જયારે અરજદારે મુળ અરજીમાં સેન્ટ્રલઝોનના જરી ગીલીટના ટોટલ બાકડા અને કાયદેસર અને ગેરકાયદેસરની વિગતો માંગેલ છે જે સેન્ટ્રલઝોન આરોગ્ય ખાતાના દફતરે ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. ત્યાર બાદ પણ અરજદાર પાસેથી અપીલ તબકકે પૂરક વિગતોમાં માહિતી માંગતો પત્રના સંદર્ભે અરજદારને ખોટી માહિતી આપવામાં આવેલ છે તેવું જણાવેલ છે અને તેમાં પણ અપીલમાં જણાવેલા મુદ્દાઓ અંગેની રજૂઆત કરેલ છે પરંતુ મુળ અરજીના સંદર્ભે કોઈ પુરાવા કે આધાર રજૂ કરેલ નથી. જાહેર માહિતી અધિકારી જે માહિતી આપતા હોય તે તેઓના તાબા હેઠળના ખાતા કે વિભાગોમાં રાખવામાં આવતાં માહિતી કે રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી પૂરી પાડતા હોય છે અને આમ અરજદારને સેન્ટ્રલઝોન ખાતેના આરોગ્ય વિભાગના ઉપલક્ષ્યમાં રેકર્ડ આધારીત માહિતી જણાવવામાં આવેલ છે તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો રાખવામાં આવતા સ્પીરીટ સોલ્યુશન, સેલો, લેકર થીનર વિગરે તા.૨૮–૧–૦૮ ના રોજ આપેલી માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારીનો ઓફિસના કામકાજના સમય મેળવી જરી, ચાદી ,ગીલીટના બાકડા અંગેની લાગત ફાઈલના રેકર્ડની ચકાસણી કરી આપેલી માહિતીની ખરાઈ કરી શકે છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી સેન્ટ્રલઝોનના આરોગ્ય ખાતાના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોઈ જરી ગીલીટના બાકડાની સંખ્યા બાબતે આવા પરવાના આપ્યાના દફતરની તપાસણી જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય દિન–૭ માં મેળવી કરી શકે છે અને જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરી શકે છે.તપાસણી અંગે અરજદારે આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં તપાસણી/દસ્તાવેજ ફી ભરપાઈ કરવાની રહેશે. અરજદાર ધ્વારા તપાસણી માટે રજૂઆત કર્યેથી હુકમની અમલવારી કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન),.....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,